| | | | |
|---|---|---|---|
| GJKT090008172025 | सत्यमेव जयते | કેસ રજુ  તારીખ | ૧૩/૦૫/૨૦૨૫ |
| | | કેસ રજીસ્ટર તારીખ | ૧૩/૦૫/૨૦૨૫ |
| | | કેસ ફેસલ તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| | | સમયગાળો | વર્ષ ૦૧, માસ ૦૩, દિવસ ૦૧ |

**ભચાઉના નામદાર અધિક સીનીયર સિવીલ જજ તથા**
**અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ–ભચાઉ–કચ્છ.**

| | | |
|---|---|---|
| **ફોજદારી કેસ નં.** | : | **553/2025** |
| | | આંક– |

| | | | |
|---|---|---|---|
| ફરીયાદી | : | | શ્રી સરકાર |
| | | **વિરુદ્ધ** | |
| આરોપી | : | (૧) | કીરીટ ભાણાભાઈ કોલી (ડુગરાણી)<br>ઉ.વ.પુખ્ત<br>રહે–ભારત હોટલ પાછળ, શીવકુપા નગર,<br>ધરાણા–ભચાઉ–કચ્છ. |
| ગુનો | : | ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબ.. | |

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી | : | એસ.આર.સૈયદ |
| આરોપીપક્ષ તરફે વિ.વકીલ શ્રી | : | બી.એમ.દાફડા |

**– : : જ જ મે ન્ટ : : –**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા : ૦૮/૦૩/૨૦૨૫ નારોજ કલાક–૨૦/૧૦ વાગ્યાના સુમારે ભારતનગર હોટલ પાછળ આરોપીના રહેણાંક મકાનમાં તા–ભચાઉ ખાતે ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રોહી મુદ્દામાલ દેશીદારૂ લીટર–૨ કી.રૂ.૪૦૦/– નો મુદ્દામાલ પોતાના કબજાની કારમાં રાખી મળી આવી પકડાઈ જઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ લાકડીયા પોલીસ તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતાં જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આ કેસ અત્રેની કોર્ટમાં ચલાવવાની સત્તા છે તે બાબતે બન્ને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમાં, **નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ક્રિમી.મીસી. એપ્લીકેશન નં.૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરૂદ્ધ ગુજરાત રાજય**ના ચુકાદામાં આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આરોપી સામે તહોમત નામું ફરમાવ્યાં બાદ પ્લી નોંધતાં, આરોપીએ તેમની સામેના હાલના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ અજીતસીંહ શીવાભાઈ | ૬ |
| ૨. | પંચનામું | ૭ |
| ૩. | પંચ સાહેદ ગુલાબભાઈ દાદુભાઈ ગગડા | ૧૫ |
| ૪. | ત.ક.અ.દીપકભાઈ પસાભાઈ | ૨૫ |
| ૫. | ફરિયાદ | ૨૬ |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યાબાદ ક્રિ.પ્રો.કો.કોડ કલમ–૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારે તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદાર તરફે બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં–(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ  તા : ૦૮/૦૩/૨૦૨૫ નારોજ કલાક–૨૦/૧૦ વાગ્યાના સુમારે  ભારતનગર હોટલ પાછળ આરોપીના રહેણાંક મકાનમાં તા–ભચાઉ ખાતે ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રોહી મુદ્દામાલ દેશીદારૂ લીટર–૨ કી.રૂ.૪૦૦/– નો મુદ્દામાલ પોતાના કબજાની કારમાં રાખી મળી આવી પકડાઈ જઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં– (૨)** શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) : નકારમાં.

મુદ્દા નં.(૨) :  આખરી હુકમ મુજબ.

**– : : કારણો : :–**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદોને સોગંદપર તપાસવામાં આવેલા છે. સદરહું પંચોએ પંચનામામાં સહી સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષે (વિમુખ)હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, આ કામે રજુ પંચનામાના પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

(૮) ફરિયાદપક્ષે રેઈડમાં સામેલ સાહેદ કે જેઓ પોલીસ સાહેદો હોય તેમજ રેઈડ દરમ્યાન હાજર હોય તેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો, તેમને પુરાવામાં તેઓ ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન  આ કામના આરોપીએ  તા : ૦૮/૦૩/૨૦૨૫ નારોજ કલાક–૨૦/૧૦ વાગ્યાના સુમારે  ભારતનગર હોટલ પાછળ આરોપીના રહેણાંક મકાનમાં તા–ભચાઉ ખાતે ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રોહી મુદ્દામાલ દેશીદારૂ લીટર–૨ કી.રૂ.૪૦૦/– નો મુદ્દામાલ પોતાના કબજાની કારમાં રાખી મળી આવી પકડાઈ જઈ તે બાબતેની તેઓને ફરીયાદ આપેલ અને સદર ગુનાની તપાસ ત.ક.અ.એ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ.

– જયારે બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં કે સરતપાસમાં કયા ખાનગી વાહનથી રેઈડ કરવા ગયેલ નથી. એ વાત ખરી છે કે અમો લાકડીયા કલાક–૧૮:૩૦ પેટોલીગમાં નીકળેલા. અમો શિખકુપા હોટલ તેમજ બીજા દદાની હોટલ વિગેરે હાઈવે ઉપર પેટ્રોલીંગ કરેલ હતુ. આ સમય દરમયાન અમોએ કોઈ કેસ કરેલ નથી. અમોએ આ પેટોલીંગ સમય દરમ્યાન બીજા કોઈ પ્રોહી અંગેના કેશ કરેલ નહી. એ વાત ખરી છે કે સદર કામે પ્રથમ પંચનામુ છે કે મે મારી ફરીયાદમાં કે સરતપાસમાં કરવામાં આવેલ ત્યારબાદ ફરીયાદ કરવામાં આવેલ. પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે એ વાત ખરી એ વાત ખરી છે કે આરોપી હાજર મળી આવેલ નહી તેના પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી છેકે બનાવ વાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી છે કે મારી હાજરમાં કોઈ બનાવાવળી જગ્યાની માલીકીનો આધારતે સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૯) ઉપરોકત તપાસવામાં આવેલા પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. આ કામે ફરીયાદીએ જણાવેલ છે કે,પંચોની હાજરીમાં રેડ કરી મુદ્ધામાલ વિદેશી દારૂ કબજે કરેલ,પરંતુ આ કામે જે પંચોને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનમામાં સહી લીધેલ અને પંચનામાં અંગે કોઈ માહિતી નથી. આ પંચોની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તી કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે બનાવવાળી જગ્યાએ સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતાં તેમ છતાં ત.ક.અ. એ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતું નથી.

– આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ. પટેલ જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં. ૧** નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ (વિમુખ) હોસ્ટાઈલ જાહેર થવાથી

પણ પઝેશન–જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઇ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકરતાં ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાના કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ? આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવાપાત્ર થાય છે.

– વધુમાં, **નામદાર સુપ્રિમકોર્ટે ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં. ૮૫ પ્રિસ્દ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશનના** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદિત કરેલ સિદ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલિટી પુરી કરવી જરૂરી નથી.નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલના કેસમાં મુખ્ય મહત્વના પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ Jurisprudence મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૦)આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં ન્યાયોચિત જણાતું હોઈ, **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકાર**માં આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧). આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(એ) મુજબના ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ-૨૭૧(૧)અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩). આરોપી તરફે અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ-૪૮૧ અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ આજરોજ તારીખ :-૧૪મી, માહે :-ઓગસ્ટ, સને :- ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :-૧૪/૦૮/૨૦૨૬<br>સ્થળ :- ભચાઉ.<br><br>S.G.SONARA... | (એન.આર.પટેલ)<br>અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ<br>ભચાઉ@ કચ્છ.<br>(કોડ નં.જીજે૦૧૪૧૭) |